**અમદાવાદનાં મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની ને. ઇ. એક્ટ, કોર્ટ નં. ૨૮ અમદાવાદ**

**ફો. પ. અ. નં. 2582/2022**

**<u>આંક ૧ તળેનો હુકમ</u>**

૧. રેકર્ડ વંચાણે લિધું.

૨. ફરિયાદી તરફે વિ.વકીલશ્રીનાઓની રજૂઆત ધ્યાને લીધી. ફરિયાદ સાથે ફરિયાદીએ વેરિફિકેશન અંગેનું સોગંદનામું રજુ કરેલ છે. રેકર્ડ ધ્યાને લેતાં, ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮(બી) હેઠળ જરૂરી ડોક્યુમેન્ટસની પુર્તતા કરેલ છે તેમજ હાલની ફરિયાદ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૪૨ હેઠળ સમયમર્યાદામાં હોઇ, હાલની ફરિયાદ ફોજદારી રજિસ્ટરે રજિસ્ટર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે. હાલની ફોજદારી પરચુરણ અરજી કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનાં કેસમાં નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ ૧૩૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી કરવા વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવતાં હોઇ, જેથી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળનાં ગુના સબબ આરોપીઓ સામે તા. /8/2022 મુદતનાં રોજ હાજર રહેવા સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી હાજર થયેથી ટ્રાયલ દરમિયાન નિયમિત હાજરી માટે રૂપિયા પાંચ હજારનાં સદ્ધર તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ કરવાના રહેશે.

ફરિયાદ સાથે સામેલ રાખેલ હોય તે તથા ફરિયાદપક્ષ જેના ઉપર આધાર રાખતાં હોય અને રજુ કરેલ હોય તે તમામ દસ્તાવેજોની નકલનો સેટ અત્રેની કોર્ટ ફાઇલમાં આરોપીની નકલ તરીકે મુકવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરેલ છે.

તારીખ: ૦૮/૦૬/૨૦૨૨

(એસ. આર. મુલતાની)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
ને.ઇ.એ. કોર્ટ નં. ૨૮,અમદાવાદ